એસ.કે.એ. યુ.કે.
વાર્ષિક સામાન્ય સભાની મિનીટસ
તારીખઃ ૭ ઓકટોબર ૨૦૧૨

સ્થળ : એસ.કે.એ. હોલ, વીલીયર્સ રોડ, લંડન, એનડબલ્યુ, ૬પીએચ
સમય : ૩.૦૦ પી.એમ.
ચેરબાય : કમલેશ મોતીરામ
મિનિટસ : રાજ પ્રવિણચંદ્ર ખન્ની

હાજર સભ્ય મિટિંગ શરૂઆત સમયે ઃ ૪૦
હાજર સભ્યો મિંટિંગ સમાપ્ત સમયે ઃ ૫૦

એજન્ડા : એસ.કે.એ. પત્રીકા૧૩૭ માં છપાયેલા મુજબ
૧. ૨૦૧૨ વાર્ષિક સામાન્ય સભાની મંજૂરી
૨. હિસાબ કિતાબ ૩૧ માર્ચ ૨૦૧૨ ની મંજૂરી
૩. નવા ઓડિટર્સની નિંમણુંક
૪. કન્વરઝન ઓફ એસોસીએસન ટુ ન્યુ કંમ્પની લીમીટેડ બાઇ ગેરેન્ટી ૧ એપ્રીલ ૨૦૧૩
૫. આર્ટીકલ ઓફ એસોસીએસન ઓફ ન્યુ કંમ્પની લીમીટેડ બાઇ ગેરેન્ટી ની મંજુરી
૬. ન્યુ કંમ્પની લીમીટેડ બાઇ ગેરન્ટી એપ્લાય ટુ ચેરીટી કમીશનર ફોર ચેરીટી
૭. અન્ય ગુજરાતી સભ્ય ની સોશીયલ ઇવનીંગ માં આવવાની મંજુરી
૮. અન્ય વિષયો

૧.૨૦૧૨ વર્ષની સામાન્ય સભાની મંજૂરી
કમલેશ મોતીરામ (કમ) સેક્રેટરી એ મિટિંગની શરૂઆત કરી બધાને આવકારીને મિટિંગના મુખ્ય મુદ્દા જણાવ્યા અને કહયું કે જે કોઇ સભાસદ પોતાના વિચારો જણાવવા માંગતા હોય તેઓ માઇક પર આવી ને કહિ શકે છે. અને દરેક ને ગત વર્ષ ની મીનીટ વાંચી જય જે કોઇએ તેના પર ટિપણી કરવી હોય તે કહિ શકે છે. પાના નં ૮ પર ખોટી જોડણી છે જે હરીવદન ધનસુખલાલ ગોહિલ હોવું જોઇએ એવું અનિલ હઝરતવાલા (અહ) એ કહ્યું. ત્યાર બાદ મિનિટ ને હરેન્દ્ર ધિરજલાલ ખત્રી (હધખ) અને ભાવિન શાંતીલાલ ખત્રી (ભશખ)એ મંજુરી આપી હતી.
કમ એ તે દિવસે કેટલાક કારોબારી સભ્યો ન ઉપસ્થીત રહયા તે બદલ ક્ષમા માંગી હતી.

૨. હિસાબ કિતાબ ૩૧ માર્ચ ૨૦૧૨ ની મંજૂરી
ખજાનચી અને સહ ખજાનચીની ગેરહાજરીમાં મુકેશ વલ્લભભાઇ ખત્રી (મવખ) એ ખજાનચી તરીકે હિસાબ રજુ કર્યો હતો. મવખ એ જણાવ્યુ કે આ વર્ષે દરેક ને પુરી જાણકારી સાથેનું હિસાબ પત્ર આપવામાં આવ્યુ છે.

મવખ એ વાર્ષિક હિસાબ ની જાણકારી આપવા માંડી હતી.
૧. હોલ અને વાસણ ભાડા ૨૦૧૧ ની સરખામણી માં ૨૦૧૨ માં ઓછા છે કારણકે સમાજ અને પરજાતના લોકો દ્વારા એમનો વપરાશ ઓછો થયો છે.
૨. સભ્ય ફી વધી છે કારણકે ૫૦માં મહોત્સવ માં ઘણા નવા સભ્યો જોડાયા છે.
૩. ગેસ અને લાઇટ બીલ વધારે છે કારણ કે બે વર્ષ બાદ પ્રોપર બીલ આવ્યું હતું. ભવિષ્યમાં આમ ના બને તે માટે કમીટી સ્માર્ટ મીટર મુકવાનું પ્રયોજન કરશે.

મવખ કોઇ ને હિસાબ બાબતે કોઇ પ્રશ્ન હોય તો પુછી શકે છે. અહ પુછયું કે જે નવા સભ્ય જે ૫૦માં મહોત્સવ માં જોડાયા તેઓ હાલે પણ મેમબર છ કે? મવખ જવાબ આપ્યો કે આ વર્ષે અમે બીલ મોકલ્યું છે અને આશા રાખીએ કે મોટે ભાગના લોકો સભ્ય ફી આપશે.
અહ એ સોસીયલ ઇવનીંગ માટે પુછયું કે આવક £૩૫૦૦ અને ખર્ચ £૨૫૦૦ છે તેમાં દારૂ પણ સામેલ છે? મવખ એ જણાવ્યું કે એ સાચું છે કારણકે અમે દિવાળી, સોસીયલ ઇવનીંગ જેવા પ્રસંગ માટે બલ્કમાં ખરીદી કરી સરખે ભાગે ખર્ચ વહેંચી નાખીએ છીએ.

મવખ એ ઉમેર્યુ કે અમે ક્રિસમસ પાર્ટી રાખી હતી જે હેવી સ્નો ને કારણે રદ કરવી પડી હતી તેની ભરપાઇ રૂપે અમે ઇસ્ટર પાર્ટી રાખી હતી.

મવખ એ મુખ્ય એકાંઉન્ટ માં પ્રથમ પાના પર ટ્રસ્ટીનામ બાદ રીપોર્ટ. જે જણાવે કે કોણ કમિટી છોડીને ગયું અને કોણ નવું સભ્ય આવ્યું છે. ત્યાર બાદ પાના નં ૪ પર ઓડીટર નો રીપોર્ટ અને સહી છે.

પાના નં ૭ પર કમીટી એ લેપટોપ ખરીદયું જે ના થી દરરોજ ના એકાઉન્ટ રાખવામાં સરળતા રહે છે. બીજું કારણ કે આ વર્ષે £૧૬૦૦૦ બાકી છે જયારે ગયા વષે £૪૨૦૦૦ બાકી હતા. કારણકે ૨૦૧૧ માં ઇનવોઇસ મોડા ગયા હતા અને જેથી બુક કિપીંગ માં મોડું થયું હતું. જે આ વર્ષે ઓછું જોવા મળે છે.

મવખ એ થોડો સમય સભ્યોને આપ્યો જથી જો કોઇને પ્રશ્ન કરવો હોય તો તે કરી શકે. સુધીર દયારામ ખત્રી (સદખ) એ એસકેએ ના સેવીંગ ફંડ વિશે માહિતી માંગી અને કોણ એનું ધ્યાન રાખે છે? મવખ એ જ્વાબ આપ્યોકે તે બાર્કલે બેંક ના ટ્રેઝરી ડીપોઝીટ અકાંઉન્ટમાં ઓછા જોખમે મીડીયમ ટર્મ માટે રાખેલા છે.

એકાંઉન્ટ ને સદખ અને નીતા ભાવિન ખત્રી (નભખ) એ મંજુરી આપી. ક્મ એ પ્રકાશ જરીવાકા (પજ) અને અનિલ જાદવ (અજ) નો એકાંઉન્ટ તૈયાર કરવા માટે આભાર માન્યો હતો.

૩. નવા ઓડિટર્સની નિમણુંક
ઓડિટરે તેમની ફી £૧૦૦ વધારી ને £૨૧૦૦ કરી છે. સભ્યો તેમને ફરી નીમણુંક કરવામાટે રાજી થયા હતા જેની મંજુરી પ્રવીણ શાંતીલાલ કાપડીયા (પશક) અને પ્રવિણ ઠાકોરલાલ જરીવાલા (પતજ) આપી હતી.

૪. ક્નવર્ઝન ઓફ એસોસીએસન ટુ ન્યુ કંમ્પની લીમીટેડ બાઇ ગેરેન્ટી ૧ એપ્રીલ ૨૦૧૩

૫. આર્ટીકલ ઓફ એસોસીએસન ઓફ ન્યુ કંમ્પની લીમીટેડ બાઇ ગેરેન્ટી

૬. ન્યુ કંમ્પની લીમીટ બાઇ ગેરેનટી એપ્લાય ટુ ચેરીટી કમીશનર ફોર ચેરીટી
હવે નો વિષય ક્નવર્ઝન ઓફ એસોસીએસન ટુ ન્યુ કંમ્પની લીમીટેડ બાઇ ગેરેન્ટી ને મંજુરી મેળવવા માટે, એની સમજાણ આપવા મવક ઉભા થયા. આપણા બંધારણ મુજબ મુદ્દાનંબર ૪,૫,૬ સરખા છે પરંતુ કાયદાની રીતે તેમને અલગ અલગ પસાર કરવા પડે. આપણી સાથે આજે સભામાં વીનસંટબીલીંગ (વબ) હાજર થયા છે જે આ કાર્યમાં મદદ કરશે અને બીજું એ પણ કારણ કે જો લિગલ સલાહ જોયતી હોય તો તે પણ એ આપી શકશે.

મવક એ કહ્યુંકે આ નવુ બંધારણ કાયદાની દ્દષ્ટીથી ફકત અંગ્રેજીમાંજ છપાશે. એસકેએએ મોટેરાઓ માટે ૯-૯-૧૨ નારોજ મીટીંગ રાખી હતી જેથી તેમને પણ નવું બંધારણ સમજાવી શકાય.

મવક એ કહ્યુકે આ નવા બંધારણ માં ઘણા એવા મુદ્દા છે જેની નોંધ લેવાની જરૂર છે.

સંસ્થાના નામ માં યુકે હોવાનો કંપની હાઉસ વાંધો ઉઠાવી શકે. પણ આપની જ્ઞાતિના લોકો સમસ્ત યુકે માં પ્રસરેલા છે એવું કારણ તેઓને આપી શકીએ.

બીજો મુદ્દો, હાલના બંધારણની અમર્યાદિત જવાબદારી છે, જેથી જો કોઇ ઘટના બને તો આખો સમાજ જોખમમાં મુકાય. નવા બંધારણ પ્રમાણે દરેક સભ્ય માત્ર ૧ પાઉન્ડ માટે જ જવાબદાર ગણાશે.

ઓબ્જેક્ટ એન્ડ પાવર્સના મુદ્દામાં કાયદાકીય જરૂરીયાત હોવાથી પબ્લીક બેનીફીટ શબ્દનો ઉમેરો કરવામાં આવ્યો છે. ટ્રસ્ટી વ્યાજબી દરે તેમની પોતાની ધંધાકીય હુનરનો વપરાશ સંસ્થાના કામોમાટે વાપરી શકશે.

હાલના બંધારણમાં માત્ર ખત્રીઓ જ સભ્ય બની શકે એમ ઠરાવવામાં આવેલ છે જ્યારે નવા બંધારણમાં ટ્રસ્ટીઓ કોને સભ્ય બનાવવા તેની પસંદગી કરશે.

હાલમાં આપણા બંધારણમાં બે સ્તરના સભ્ય છે, જેમાં કોઇ બદલાવ નહીં થાય. પણ ટ્રસ્ટીઓને નવા સ્તરોની રચના કરવાનો અધિકાર રહેશે.

બાકીના દરેક ઠરાવો હાલના બંધારણને મળતા રાખવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે.

એમવીકે એ પછી નવા બંધારણ વિશે ચર્ચા કરવા લોકોને અરજી કરી.

ભશખ એ કહયુંકે બે વર્ષ પહેલા કમિટિની રચના કરતા ઘણી મહેનત પડી હતી. તો હાલના બંધારણમાં પરિવર્તન કરવાનો સમય છે તો તેનો આપણે લાભ ઉઠાવવો જોઇએ. મવક નો અભિપ્રાય હતો કે હાલના ઠરાવમાં બદલાવની જરૂર નથી. કમટિમાં દસ સદસ્યો હોવા જરૂરી છે જેથી નિર્ણયો લેવામાં સરળતા થઇ પડે. વબ એ કહયું કે નવા બંધારણ પ્રમાણે છ કમિટિ ના સદસ્યો હશે અને ચાર કો ઓપ્ટ સભ્યો, કે જેમને પણ વોટિંગનો અધિકાર રહેશે, સાથે કુલ દસ ટ્રસ્ટી હશે.

અહ એ કહયું કે દસ કારોબારી સભ્યો  હોવા જોઇએ અને બીજ ચાર કો ઓપ્ટ સદસ્યો, કે જેને મતાધિકાર નાહોય તેવું કરવું જોઈએ. એ વાત સાથે પઠજ સહેમત હતા. એ વાત મુદ્દા ૧૯.૭ મા આવી જાય છે એવી ચોખવટ કરવામાં આવી.

ભશખ એ પુછયું કે જો દસ કારોબારીના સભ્યો ના મળે તો શું કરવું જોઈએ એની ચોખવટ કરવી જોઇએ? વબ એ જણાવ્યું કે જ્યાં સુધી દસ સભ્યો ના મળે ત્યાં સુધી ચુંટણી થતી રહેવી પડશે.

અહ એ ઠરાવ ૬.૫ની કલમ બી, સી અને ડી, કે જેમાં કારોબારીના સભ્યો કાર્ય કરવા ફી લઇ શકે, એ વિશેના ઠરાવોને કાઢી નાખવાનું સુચન આપ્યું હતું. કમિટિમાં રહી એક બીજા સાથે અસહેમત થવું ઘણી વાર સહેલું નથી માટે કોઇ તટસ્થ હોય તે જ સારૂં પડે. પજ એ વાત થી સહેમત થયા હતા કે જુના બંધારણ મુજબજ આ વિશે નવું બંધારણ રહેવું જોઇએ.

ઉપસ્થિત જ્ઞાતિજનો આ ઠરાવોને જેમ હાલના બંધારણમાં છે તેમજ રાખવા ના મંતવ્યને બહુમતિ આપી હતી.

અહ એ પુછયું કે જો મેમ્બરશીપ મર્યાદિત રાખવામાં આવે તો તેમાં શું વાંધો છે? વબ એ કહયું કે ચેરીટી દરેક લોકો માટે હોવી જોઇએ માટે ચેરીટી કમિશન શા માટે મર્યાદિત રાખવા માંગીએ છીએ તે વિશે કારણો પુછશે.

અહ એ કહયું કે ૯.૬ અને ૩૨.૨ મુદ્દા વિરોધીત લાગે છે. વબ એ કહયું કે ૯.૬ મુદ્દામુજબ એજીએમમાં સભ્યો સભ્ય ફી નકકી કરે અને ૩૨.૨ મુદ્દો માત્ર અપવાદરૂપ સંજોગોમાં વપરાશે. ૩૨.૨ મુદ્દામાંથી વાર્ષિક સભ્ય ફી બાકાત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.
અહ એ કહયું કે ૨૧.૨.૧ મુદ્દામાં, કારોબારી કમિટિમાં કોણ જોડાય તેનો નિર્ણય કારોબારી ના સભ્યો નહીં પણ સભ્યો લે એવો બદલાવ કરવો જોઇએ.

ગણેશ દ્વિપક ખત્રી એ પુછયું કે શું કોઇને આમ સભ્યોએ બહુમતિથી ચુંટીને નિમ્યા હોય તો કારોબારીના સભ્યો તેને કમિટિમાં ના જોડાવવા દઇ શકે? વબ એ કહયું કે એમ કરવાથી કારોબારી કમિટિ બંધારણનો ભંગકરે છે.

૨૧.૨.૧ મુદ્દાને ઠરાવોમાંથી કાઢી નાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, જેથી કમિટિમાં કોણ જોડાય તેનો નિર્ણય સભ્યો કરશે.

ગણેશ દ્વિપક ખત્રી એ ૫.૨.જી મુદ્દા વિશે પુછયું કે જો ભવિષ્યમાં સંસ્થા બીજી સંસ્થા સાથે જોડાય તો તે નિર્ણય લેવાનો હક શું માત્ર કમિટિનો જ હશે. વબ એ કહયું કે કમિટિ રોજીંદી કારવાહી માટે છે અને બીજી સંસ્થા સાથે જોડાવાનો નિર્ણય માત્ર કમિટિનો જ નહીં પણ આખા સમાજનો હશે.

અહ એ પુછયું કે હાલમાં સંસ્થાની કારવાહી માટે અમુક ઠરાવો પસાર કરવામાં આવ્યા છે. શું તે ફરી વાર પસાર કરવા પડશે કે પછી એમજ ચાલુ રખાય? વબ એ કહયું કે તે ફરીથી પસાર કરવા પડશે.

અહ એ કહયું કે જે સભ્યો સભ્ય ફીના ભરે તેને સંસ્થા દ્વારા આયોજીત કોઇ પણ કાર્યક્રમોમાં આવવાનો અધિકાર નહીં હોય તેવો ઠરાવ પસાર કરવો જોઇએ. વબ એ કહયું કે તે સભાસદ વિશેની માહિતી માં છે કે જો કોઇ છ મહિના માં સભ્ય ફીના ભરે તો તેમની મેમ્બરશીપ બંધ થશે. અહ એ આ વાત ને ન્યુઝલેટરમાં પ્રકાશિત કરવા અરજી કરી.

મવક એ જણાવ્યું કે જે સભ્ય ફી નથી આપતા તેઓને કમિટિ ફોન કરી તેઓ પાસેથી સભ્ય ફી ઉઘરાવવા માટે બનતો પ્રયત્ન કરે છે.

પજ પણ આ વાતથી સહેમત હતા.

મવક એ બે પ્રસ્તાવો મુકયા કે, જે પરિવર્તનો જ્ઞાતિજનોએ આજે રજુ કર્યા છે તે બદલી કરી આવતી એજીએમમાં લાવવામાં આવે કાં તો પછી આ પરિવર્તનોને આજે જ મંજુરી આપવામાં આવે.

મવક એ ક્નવર્ઝન ઓફ એસોસીએસન ટુ ન્યુ કંમ્પની લીમીટેડ બાઇ ગેરેન્ટી ૧ એપ્રીલ ૨૦૧૩ નો ઠરાવ મુકયો જેને અહ અને પજ એ મંજુરી આપી.

મવક એ આર્ટીકલ ઓફ એસોસીએસન ઓફ ન્યુ કંમ્પની લીમીટેડ બાઇ ગેરેન્ટી ની મંજુરી, આજની સભામાં ચર્ચાયેલ અને નકકી થયેલ પરિવર્તન સાથે, નો ઠરાવ મુકયો જેને જીડીકે અને નયન ભરત વખારીઆએ મંજુરી આપી હતી.

મવક એ ન્યુ કંમ્પની લીમીટેડ બાઇ ગેરન્નટી એપ્લાય ટુ ચેરીટી કમીશનર ફોર ચેરીટી, નો ઠરાવ મુકયો. મવક એ કહયું કે જો ચેરીટી કમિશન ઘણા બદલાવો કરાવવા માંગશે તો તેઓ આવતી એજીએમમાં અરજી ફરી લઇ આવશે આ ઠરાવને બસક અને હરીવદન ધનસુખલાલ ગોહિલે મંજુરી આપી હતી.

૭. અન્ય ગુજરાતી સભ્ય ની સોસીયલ ઇવનીંગ માં આવવાની મંજુરી

બવ એ હોલની ક્ષમતા સોસીયલ ઇવનીંગ હોય ત્યારે કેટલી હોય છે? મવક એ જ્વાબ આપ્યો કે હોલ ની ક્ષમતા ૭૦ વ્યકતીની છે જેમાં સભ્ય ફી ભરતા લોકોને સાશીયલ ઇવનીંગમાં પહેલી પસંદગી અપાય છે.

અહ્ એ કહ્યુ કે નોન ખત્રી ને બોલાવવામાં કોઇ વાંધો નથી પરંતુ મવક સાથે માન્ય નથી કે સોસીયલ ઇવનીંગ રાહત દરે નથી. અહ માને છેકે નોન ખત્રી ના આવવાથી આવકમાં વધારો નથી થયો અને કહયુંકે જે સભ્ય ફી ભરે છે તેમને બુધવારની રાત સુધી નો સમય મળે અને ત્યાર બાદ જગા રહી જાય તો નોન ખત્રી ને જગા આપવી.

મવક એ કહ્યુંકે સોસીયલ ઇવનીંગ માટે તેઓ અકાંઉન્ટ માં જે આંકડા છે તેનો સાથ આપશે. વધુમાં દરેક હેપી આવર માં પોતાનુ ડ્રીંક લઇ લેછે પરંતુ છેલ્લા બે મહિનામાં જોતા હેપી આવર પછી ડ્રીંકની આવક વધી છે. વધુમાં હાલની કમીટી ના સભ્યો માને છેકે દરેક ખત્રી ને પહેલી પસંદગી અપાય છે જે બાદ નોન ખત્રી ને જગા અપાય છે.

ચંદ્રીકા દીલીપ ખત્રી (ચદખ) કે પુછયું કે એસકેએ નોન ખત્રી લોકોને નવરાત્રી માં આવવા માટે ની મંજુરી આપે કે નહિ. મવક એ કહ્યુ કે નવરાત્રી માટે ના નીયમો જુના બંધારણ મુજબજ રહેશે. નવરાત્રીમાં ફકત સભ્ય ફી ભરતા સભ્યજ આવશે.

સોસીયલ ઇવનીંગમાં નોન ખત્રી ગુજરાતી સભ્યોને આવવા દેવાના પ્રસ્તાવ ને બહુમતી થી મંજુરી મળી હતી.

કમ એ અન્ય કોઇ મુદ્દા માટે ચર્ચા કરવા દરેક ને આમંત્રણ આપ્યું હતું.

કમ એ ફાયર ડોર ની માહિતી આપી. તેમની એપ્લીકેશન અને બીલ્ડીંગ રેગયુલેશન ની મંજુરી મળી ગઈ છે અને દરવાજા માટે બીલ્ડર ની સાથે વાત થઇ છે.

ગદક જાણવા માંગતા હતાકે નવો ફાયર ડોર બનતા હોલની ક્ષમતા કેટલી થશે.

મવક એ જણાવ્યું કે આ દરવાજો હેલ્થ અને સેફટી માટે છે. એક વખત દરવાજો મુકાયા બાદ ફરી અપલાય કરી જાણવા મળશે કે હોલની ક્ષમતા કેટલી છે પરંતુ હાલ કંઇજ કહી ન શકાય.

બસક કહયું કે એજીએમ ની મિનીટનું ગુજરાતી માં ભાષાંતર કરવાની જરૂર નથી લાગતી. મવક એ જણાવ્યુ કે હાલની કમીટી બને ત્યાં સુધી બનતી સગવડ આપશે આપણા વડીલ સભ્યો માટે. રતીલાલ મોતીરામ કાપડીયા (રમક) એ જણાવ્યુંકે હાલ પુરતું બને ત્યાં સુધી તમે કરો અને ત્યાર બાદ સમાજ એ બાબતે નીર્ણય લેશે.

અહ એ સૌનું ધ્યાન દોરવા માંગતા હતા કે સરેરાશ સામાન્ય સભામાં ૫૦-૫૫ વર્ષની ઉમંરના લોકો આવે છે ઉપરાંત મહોત્સવ માં પણ લોકોની સંખ્યા ઓછી થતી જાય છે. છેલ્લા છ વર્ષમાં સૌથી ઓછી સંખ્યા આ વર્ષ ના મહોત્સવમાં થઇ છે. પ્રશ્ન એ આવે કે આપણા સમાજ ના લોકો કયાં જાયછે? શા માટે કમીટી દર વર્ષે પૈસા માંગે છે? આ બધુ બંધ થવુ જોઇએ અને વડિલો માટે ખુબજ રાહત દરે ટ્રીપ નું આયોજન થવું જોઇએ.

મવક એ જવાબમાં કહ્યુંકે એસકેએ રાહત દરે ટ્રીપ નું આયોજન કરે છે પરંતુ આ વખતે ભાડામાં વધારો કરવો જોઇએ એવું હાલની કમિટિનું મંતવ્ય હતું. હાલની કમીટી એવું માને છે કે એક વ્યકતી ના કહેવામુજબ નહિ પરંતુ આખા સમાજ નું ધ્યાન રાખતા નિર્ણય લેવાવો જોઇએ. .

મવક એ વધુમાં જણાવ્યુકે આવતા વર્ષે ભેટ માંગવાની સમીતીને આરામ આપવાના છીએ અને દરેકને સ્લીપ આપવામાં આવશે જે પોતાની સ્વેછાએ ભરી સંસ્થાના કાર્યકર્તાને પરત કરવાની રહેશે અને રેફલ ટીકીટ માટે એક નક્કી જગ્યાનું આયોજન થશે જ્યાંથી દરેકે પોતાના માટે રેફલ ખરીદવાની રહેશે.

બવ એ પ્રસ્વાવ મુકયો કે મહિનાના છેલ્લા રવિવારે ભજન સંધ્યા માં પ્રોફેશનલ ગાયક ને બોલાવવા જોઇએ. તેનાથી થોડી મદદ મળે અને વધુ લોકો તેમાં ભાગ લે અને આમ કરતા થોડી વધુ ચેરીટી કરી શકાય.

મવક એ આ વાત પર કમિટિ વિચાર કરશે એમ જણાવ્યું.

મવક એ સૌનો આભાર માન્યો અને ખાસ કરીને વબ નો આવવા માટે અને મીટીંગ પુરી થઇ.

સામાન્ય સભા સાંજે ૫.૪૭ કલાકે પુરી થઇ.

ઉપરની તમામ વિગતો મીટીંગ માં લેવાયેલ નોંધ ના આધારે લખાય છે.

મુકેશ વલ્લભભાઇ ખત્રી - પ્રમુખ

કમલેશ રતીલાલ મોતીરામ - સેક્રેટરી

તારીખ - ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૩